# પાલનપુર સીવીલમાં ઈન્ચાર્જ સીવીલ સર્જનને જાનથી મારી નાખવાની ધમકી

## સિવિલ સિક્યુરીટી સંચાલકે નશાની હાલતમાં કર્યુ પરાક્રમ

બનાસકાઠા જીલ્લાની સૌથી મોટી પાલનપુર સીવીલમા ઈન્ચાર્જ સીવીલ સર્જનને નશાની હાલતમા આવેલા પ્રાઈવેટ સીકયુરીટી સંચાલકે ગાળો બોલી જાનથી મારી નાખવા ની ધમકી આપતા ઈન્ચાર્જ સીવીલ સર્જને પૂર્વ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી.




પાલનપુર સીવીલ હોસ્પીટલના ઈન્ચાર્જ સીવીલ સર્જન ડોકટર ભરત મિસ્ત્રીની પોતાની ઓફીસમા સ્ટાફની મીટીંગ ચાલતી હતી તે દરમ્યાન સીવીલ સીકયુરીટી સંચાલક રોહીત લીમ્બાચીયાએ ડૉ. ભરત મિસ્ત્રીને બીભિત્સ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી હતી. મોબાઈલમા પણ બીભત્સ મેસેજ કરેલ જેના પગલે ઈન્ચાર્જ સીવીલ સર્જન તેમજ નવા આવેલા સિવિલ સર્જને પૂર્વ પોલીસ મથકે સિવિલ સિકયુરીટી સંચાલક રાહુલ લીમ્બાચીયા વિરૂધ્ધ ફરીયાદ નોધાવી હતી. જયારે હાલમા રાહુલ લીમ્બાચીયા ફરાર થયઈ ગયો હોવાનુ પણ જાણવા મળ્યુ હતુ.

# હિમતનગર સિવિલમાં હત્યાના આરોપીનું સારવાર દરમિયાન મોત

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના મોતીપુરા(ખેડ-ચાંદરણી) ગામનો રામાજી કાળાજી ચૌહાણ (ઉં.વ.૪૪) ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ગુના નંબર ૧૩૯/૧૬ કલમ ૩૦૨, ૨૦૧, ૩૪, ૧૩૫ મુજબ કેસ નોધાયેલ હતો. જેમાં રામાજી ચૌહાણ આરોપી હતો. જે તા.૨૧-૧૦-૨૦૧૬ને ૮ મહિનાથી હિંમતનગર સબજેલમાં કાચા કામનો આરોપી હતો. જેનો કેસ સેસન્સમાં ચાલી રહ્યો હતો. જેને શનિવારે સવારે સબજેલમાં પોતાને ગભરામણ થવાની વાત જણાવતા તાત્કાલિક સારવાર અર્થે હિમતનગર સિવિલમાં ખસેડાયેલ જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે સિવિલના ફરજ પરના તબીબે હિંમતનગર સબજેલમાં જાણ કરી હતી. ત્યારબાદ આ અંગે સબજેલના જેલર જે.જી. ચાવડાએ બી-ડીવીઝન પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી તો બીજી તરફ મૃત્યુ પામેલ રામાજી ચૌહાણના મૃતદેહને અમદાવાદ સિવિલમાં લઈ જવામાં આવેલ જ્યાં પેનલથી પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.



## કાળઝાળ ગરમીમાં પેટીયુ રળવા માટે કલાનુ પ્રદર્શન કરતો યુવક

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં ગરમીથી પ્રજા તોબા પોકારી ઉઠી છે. ગરમીથી રાહત મેળવવા ઘરમાંથી બહાર નીકળવાનુ ટાળી, એસી, પંખા, એરકુલર, નેટ બાંધી ગરમીથી રક્ષણ મેળવવા ઉપાય કરે છે. તેવા સમયે ૪૩ ડીગ્રી તાપમાનમાં મોડાસા શહેરના બસસ્ટેન્ડ નજીક એક પરિવારનો મોભી(યુવક) પોતાનુ અને પરિવારનું ગુજરાન ચલાવવા માટે પેટનો ખાડો પુરવા માટે શરીરે ચાબુકના ફટકા મારી મહિલાઓ ઢોલ વગાડી લોકોને મનોરંજન પુરૂ પાડી મથામણ કરતો નજરે ચડતો હતો. ધોમ ધખતા તડકામાં સતત ચાબુકના મારથી યુવાનના શરીર પર ચકામા અને ઘા ઉપસી આવ્યા હોવાનુ દેખાતુ હતુ. ચાબુકના અવાજથી લોકો તેના તરફ મીટ માંડતા અને મોઢામાંથી ઓહ શબ્દ નીકળતા.

# ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં શંકાના ઘેરામાં આવેલ આકરૂન્દ પરીક્ષા કેન્દ્રમાં ગેરરીતીઓ નહિ જણાતા કલીન ચીટ

અરવલ્લી, તા. ૬

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલ ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા દરમ્યાન શંકાના દાયરામાં આવેલી પરીક્ષા કેન્દ્રોના ફુટેજની ચકાસણી હાથ ધરાઈ હતી. આ ચકાસણી બાદ આકરૂન્દ પરીક્ષા કેન્દ્રને વિભાગ દ્વારા ક્લિનચીટ અપાતા વાલી, વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદોમાં રાહતની લાગણી વર્તાઈ હતી.

માર્ચ ૨૦૧૭ દરમ્યાન અરવલ્લી જિલ્લાના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ઉપરથી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષા દરમ્યાન ધનસુરા તાલુકાના આકરૂન્દ ખાતેના પરીક્ષા કેન્દ્રમાં ગેરરીતીઓ આચરવામાં આવતી હોવાની વ્યાપક ફરીયાદ ઉઠતા વિજીલન્સ સહિત અન્ય સ્કવોડ દ્વારા પરીક્ષા કેન્દ્રની વીઝીટ કરાઈ હતી.

વિજીલન્સ સ્કવોડ આ ઈન્સ્પેકશન બાદ જરૂરી સીસીટીવી ફુટેજ અરવલ્લી ડીઈઓને સોંપવામાં આવ્યા હતા અને તજજ્ઞો પાસે જરૂરી ચકાસણી કરાવાઈ હતી. પરંતુ આ કહેવાતી ફરિયાદોમાં કોઈ તથ્ય નહી જણાવાયુ હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રો દ્વારા જણાવતા જ આકરૂન્દ પંથકના વાલીઓ વિદ્યાર્થીઓમાં રાહત વર્તાઈ હતી. જિલ્લા શિક્ષણઆધિકારી એ.પી. ઝાલાના જણાવ્યા મુજબ આકરૂન્દ પરીક્ષા કેન્દ્રના સીસીટીવી ફૂટેજ જોતા કોઈપણ પ્રકારની ગેરરીતીઓ જણાઈ આવેલ નથી. આમ આકરૂન્દ પરીક્ષા કેન્દ્રને કલીન ચીટ મળી હતી.



## ભિલોડા તાલુકા ભાજપ સંગઠન કારોબારીની બેઠક યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયમાં ભિલોડા તાલુકા ભાજપ કારોબારી સંગઠનની બેઠક યોજાઈ.આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શાંમળભાઈ પટેલ, ઉપપ્રમુખ જયેશભાઈ આર.પટેલ, ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી, ઉપપ્રમુખ નીલાબેન મડીયા, ભિલોડા તાલુકા સંગઠન પ્રમુખ રમેશભાઈ રાવલ, મંત્રી ઈન્દ્રજીતસિંહ રાઠોડ, ગુલાબચંદ પટેલ, અમરતલાલ બરંડા, ગીરીશભાઈ પટેલ, બંકીમચંદ્ર તબીયાડ, પ્રેમજીભાઈ ડામોર, મુકેશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ મહેતા, જીતુભાઈ ભાટીયા, જગદીશભાઈ પટેલ, જશુભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ પટેલ, કાનજીભાઈ ઠાકોર, લખાભાઈ ઠાકોર, બકાભાઈ ઠાકોર, અમરતભાઈ પટેલ, રણછોડભાઈ પટેલ સહિત અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન અને ભિલોડા તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ સંગઠનને વધુમાં વધુ મજબુત બનાવવા ભાર મુંકાયો હતો. ભિલોડા તાલુકા ભાજપ કારોબારી બેઠકમાં ઠરાવોનું વાંચન કરાયું હતું.



## પ્રાંતિજના સુખડ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા સુખડ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સુખડ સહિત છ ગામના લોકોએ લાભ લીધો હતો. સુખડ પ્રાથમિક શાળા ખાતે સરકાર દ્વારા આયોજીત સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લાભાર્થીઓને લાભ મળે તે હેતુથી સ્થળ ઉપર આખી કચેરી ઉભી કરવામાં આવી હતી જેમાં રેશનકાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, મા અમૃત યોજના, વાત્સલ્ય કાર્ડ સહિતની યોજનાઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતા. જેમાં ઘડકણ, દલાનીમુવાડી, પુનાદરા, પઢાપડા સુખડ સહિત છ ગામોના લોકોએ સરકારીની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓએ લીધો હતો જ્યારે પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી, નાયબ મામલતદાર ડી.એલ. રાઠોડ, દિગ્વિજયસિંહ સહિત વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને લોકોને સરકારની યોજનાઓ અને લાભ વિશે માહીતિ આપી તેમના પ્રશ્નોનો સ્થળ ઉપરજ નિકાલ કર્યો હતો.

# મોડાસામાં ગાયત્રી સંસ્કારધામનું નિર્માણ, ગાયત્રી ચેતના કેન્દ્રના ભૂમિ પૂજન પ્રસંગે ૨૪ કુંડી મહાયજ્ઞ યોજાયા

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા રેલવે સ્ટેશન નજીક ગાયત્રી ચેતના કેન્દ્રનું ભૂમિપૂજન શનિવારે યોજાયુ હતુ. આ ધાર્મિક પ્રસંગે ૨૪ કુંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ. અરવલ્લી જિલ્લાના ગાયત્રી ઉપાસકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સૌ શ્રદ્ધાવાન સૌની સંવેદનાથી અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના વિશ્વના મુખ્ય કેન્દ્ર ગાયત્રી તીર્થ શાંતિકુંજ-હરીદ્વારની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ મોડાસા ખાતે જનજાગૃતિ શ્રદ્ધાના પવિત્ર સ્થાન ગાયત્રી ચેતના કેન્દ્રના નિર્માણના શુભારંભ નિમિત્તે ભૂમિપૂજન કાર્યક્રમ ૨૪ કુંડી મહાયજ્ઞનું આયોજન કરી દિવ્ય વાતાવરણમાં ભૂમિપૂજન સંપન્ન કરવામાં આવ્યુ હતુ. આ મહાયજ્ઞમાં ૭૨ દંપતિએ યજમાન તરીકે ગાયત્રી તીર્થ શાંતિકુંજ હરીદ્વારથી વિશેષ દળ સહિત સમગ્ર ભારતના ગાયત્રી પરિવારના જોનલ સંયોજક આદરમીય કાલીચરણ શર્માજી આ



પૂજનવિધિ કરી હતી. આ પવિત્ર સ્થાનના નિર્માણ પ્રસંગે હજ્જારો ભાવી ભક્તોએ આ મહાયજ્ઞમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે વિશ્વના મુખ્યાલય પવિત્ર દિવ્ય પ્રસંગે આશીર્વાદ આપી મોડાસામાં ગાયત્રી નવનિર્માણ મંદિરમાં ઉદાર હાથે ફાળો આપી પુણ્યના ભાગ્યશાળી બનવા આહવાન કર્યુ હતુ.

# પહેલી જુનથી સમગ્ર દેશમાં રાસાયણીક ખાતરોનુ વિતરણ પોઈન્ટ ઓફ સેલ મશીનથી કરાશે

પાલનપુર, તા. ૬

નાયબ ખેતી નિયામક (વિ.) પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં તા. ૧ જુન, ૨૦૧૭થી રાસાયણીક ખાતરોના વેચાણમાં ડીબીટ યોજના અમલી બનાવવાના હેતુસર પોઈન્ટ ઓફ સેલ મશીન દ્વારા જ રાસાયણીક ખાતરો વેચાણ કરવાનું નિયત કરવામાં આવ્યુ છે. પોઈન્ટ ઓફ સેલ મશીન સિવાય વિતરણ થનાર રાસાયણીક ખાતરનો જથ્થો સબસીડીને પાત્ર ગણાશે નહી.

જે માટે તમામ ખાતર વિક્રેતાઓને રાસાયણીક ખાતર કંપનીઓ મારફતે પોઈન્ટ ઓફ સેલ મશીન ૩૧ મે, ૨૦૧૭ પહેલા આપવાનુ કૃષિ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે. તેમજ પોઈન્ટ ઓફ સેલ મશીનના વપરાશ માટે તાલુકા કક્ષાએ ખાતર વિક્રેતાઓની તાલીમોનું તા. ૧ મે થી આયોજન કરાયુ છે. તેથી દરેક ખાતર વિક્રેતાઓને સમયસર પોઈન્ટ ઓફ સેલ મશીન મેળવી લેવા અને તાલુકા કક્ષાની ખાતર વિક્રેતાઓની તાલીમમાં પોતાના વિસ્તારોમાં સારૂ નેટવર્ક ધરાવતી કોઈ ટેલીફોન કંપનીના માઈક્રો સીમ કાર્ડ સાથે અચુક હાજર રહેવા અપીલ કરવામાં આવી છે.

આ યોજના હેઠળ ખેડૂતોએ ખરીદવાના થતાં સબસીડીઝ રાસાયણીક ખાતરો પોઈન્ટ ઓફ સેલ મશીન દ્વારા આધાર કાર્ડ મારફતે જ ખરીદવાની જોગવાઈ છે. તેથી દરેક ખેડૂતો પાસે આધાર કાર્ડ હોવુ જરૂરી છે. જે ધ્યાને લઈ તમામ ખેડૂતોને તા. ૩૧મે, ૨૦૧૭ પહેલા આધાર કાર્ડ કઢાવી લેવા અપીલ કરવામાં આવી છે. ડીબેટ યોજના હેઠળ ખેડૂતોને હાલની પદ્ધતિ મુજબ સબસીડી ભાવે જ ખાતર વિતરણ કરવામાં આવશે અને અઠવાડીક ખેડૂતોને થયેલ વેચાણના આધારે કંપનીના એકાઉન્ટમાં ભારત સરકાર દ્વારા સબસીડી જમા કરવામાં આવશે. આ સુવિધાને લીધે ખાતરોની ખરીદીમાં પાદર્શકતા આવશે.

# મોડાસા કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળક્યા

મોડાસા, તા. ૬

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વિ.વિ. શાહ એમ.એસસી (સીએ એન્ડ આઈટી) કોલેજના પંચાલ નિધિ કે.





અને બારશા રણજિત આર. બન્ને વિદ્યાર્થીઓ સેમી-૪ની માર્ચ જૂન-૨૦૧૭માં લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષામાં અનુક્રમે ચોથો અને છઠ્ઠુ સ્થાન પામી કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. જે બદલ મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી તથા પ્રભારી મંત્રી અરવિંદભાઈ જે. મોદીએ વિદ્યાર્થીઓ તેમજ કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુર તાલુકાના ગઠામણ મુકામે ૧૨મીએ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

પાલનપુર, તા. ૬

મામલતદારશ્રી પાલનપુર દ્વારા જણાવ્યા પ્રમાણે પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર દ્વારા પ્રજાની લાગણી, માગણી અને અપેક્ષા પૂર્ણ કરવા તથા સરકારની યોજનાઓના લાભ અને સહાયતા અંગેની નાગરિકોની વ્યક્તિગત રજુઆતોના સ્થળ ઉપર જ ઉકેલ માટે તાલુકા વહીવટીતંત્ર દ્વારા આગામી તા. ૧૨ મે ૨૦૧૭ના રોજ પાલનપુર તાલુકાના ગઠામણ મુકામે પ્રાથમિક શાળામાં સવારના ૮ થી સાંજના ૫ કલાક દરમ્યાન સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં કાણોદર, સાગ્રોસણા, ગઠામણ, વાસણા (જ), ભાવિસણા, સરીપડા, બાદરપુરા (ક), ગાદલવાડા, એસ્બીપુરા, જગાણા, ટાકરવાડા, ખસા, બાગળ (જ), ટોકરીયા, હોડા, લક્ષ્મીપુરા વગેરે ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ભિલોડા તાલુકા કક્ષાનો યોગાસન કેમ્પ યોજાયો

ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં તાલુકા કક્ષાનો દસ દિવસીય યોગાસનનો શુભારંભ યોજાયો હતો. ગુજરાત રાજ્ય સરકાર રમત ગમત વિભાગ ધ્વારા ખેલાડીઓને ઉનાળામાં વિવિધ રમતોનું કોચીંગ મળી રહે તેવા મુખ્ય ઉદ્દેશ સાથે ખેલાડીઓના કૌશલ્યમાં વધારો થાય તેવા પ્રયાસો થઈ રહ્યા છે. કોચ મુકેશભાઈ સી.ત્રિવેદી ધ્વારા ખેલાડીઓને કોચીંગ અપાઈ રહ્યું છે. ખેલાડીઓને વૈજ્ઞાનિક ઢબે તાલીમ અને પૌષ્ટીક નાસ્તો આપવામાં આવી રહ્યો છે. વ્યવસ્થાપક સંજય ચૌધરીએ સેવાઓ આપી હતી.એન.આર.એ. વિદ્યાલય આચાર્ય વી.ટી.ચૌહાણ, જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, કારોબારી સભ્યોએ ખેલાડીઓને બિરદાવ્યા હતા.



ભાજપ શાસીત નગરપાલિકા પાલનપુર ઘ્વારા આજરોજ ૧૪માં નાણાંપંચ યોજના હેઠળ વોર્ડ નં. ૫ રાજવી સ્કુલ હાથીખાના પાસે પીવાના પાણીના બોરનું રૂ. ૪,૪૮,૭૭૦/- ના ખર્ચે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નિલમબેન સંજયકુમાર જાનીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું જેમાં નગરપાલિકાના ઉપપ્રમુખશ્રી અશોકભાઈ ઠાકોર, પાણી પૂરવઠા ચેરમેન શ્રીશાન્તીભાઈ પઢીયાર, શાસક પક્ષના નેતા શ્રી હસમુખ પઢીયાર, ઈબ્રાહીમભાઈ સીંધી, શાહીલભાઈ, ગુલશનબેન વખારીયા, યાસ્મીનાબેન સહીત વોર્ડના વરિષ્ઠ નાગરીકો ઉપસ્થતિ રહયા હતા. વોર્ડના નાગરીકોને પીવાના શુઘ્ઘ પાણીની સવલત આપવા બદલ વોર્ડના લોકોએ તમામ અગ્રણીઓનો ખુબખુબ આભાર વ્યકત કર્યો.

# મહેસાણા-ગાંધીનગર જિલ્લાનો સંયુક્ત કૃષિ મહોત્સવ મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે

## સંયુક્ત કૃષિ મહોત્સવમાં ૨૫ હજાર જેટલા ખેડૂતો ઉપસ્થિત રહેશે : નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં બેસ્ટ ફાર્મર એવોર્ડ એનાયત કરાશે : ૧૧૦ ખેતીલક્ષી સ્ટોલનું પ્રદર્શન

મહેસાણા, તા. ૬

મહેસાણા અને ગાંધીનગર જિલ્લાનો સંયુક્ત કૃષિ મહોત્સવ ૧૬મે ૨૦૧૭ના રોજ સવારે ૯ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડ મહેસાણા ખાતે યોજાનાર છે. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનાર કૃષિ મહોત્સવની તૈયારી માટે જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજય સરકાર દર વર્ષે કૃષિ મહોત્સવનું આયોજન કરી ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પાડેલ છે. મહેસાણા જિલ્લામાં મહેસાણા અને ગાંધીનગર જિલ્લાનો સંયુક્ત કૃષિ મહોત્સવ મહેસાણા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૬ મે ૨૦૧૭ના રોજ યોજાનાર છે. જિલ્લા કેલકટર આલોક કુમારે જણાવ્યું હતું કે ૧૬ મી મે મંગળવારના રોજ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર કૃષિ મહોત્સવમાં મહેસાણા જિલ્લાના ૧૫ હજાર અને ગાંધીનગર જિલ્લાના ૧૦ હજાર ખેડૂતો ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે કૃષિ મહોત્સવ મહેસાણા જિલ્લામાં યોજાવાનો છે. જેમાં રાજયના નાયબ મુખ્યમંત્રી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે. કૃષિ મહોત્સવમાં ૧૧૦ જેટલા સ્ટોલ મોડેલ સ્વરૂપમાં ડાયનેમીક રીતે કરવા સુચનો કર્યા હતા. આ ઉપરાંત મહોત્સવ દરમિયાન ૩ ડોક્ટરો અને ૯ પેરામેડીકલ સ્ટાફને ખડેપગે રહેવા તાકીદ કરી હતી. આ ઉપરાંત પાર્કિંગ મ્યુનિસિપલ ગ્રાઉન્ડ અને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાખવા સહિત પાવીના પાણી બાબતે જિલ્લા કલેકટરે સમીક્ષા કરી હતી.



ગુજરાતી સીનેમાને એક ચોક્કસ દિશામાં આગળ લઈ જવામાં યોગદાન આપી સફળ પ્રયત્ન કરનાર મોડાસાના વરથુની મમતા નરેન્દ્રભાઈ ચૌધરી (અભિનેત્રી)ને નોમિનેટ થવા બદલ ગોટી ફિલ્મ સ્ટાર એવોર્ડ ૨૦૧૭ની ટીમ તરફથી જાણીતા કલાકાર ફિરોઝ ઈરાનીએ અભિનંદન પાઠવ્યા હતા. તેણીએ ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યું છે.